# તંત્રી લેખ......

## તમિલનાડુ અને કેરળમાં પરંપરા ફરી તૂટે છે, રાજ્યપાલો સાથે સંઘર્ષ વધુ તીવ્ર બને છે

તમિલનાડુ અને કેરળ વિધાનસભામાં રાજ્યપાલો દ્વારા ભાષણો ન વાંચવાની ઘટનાઓએ રાજ્ય સરકારો અને રાજભવનો વચ્ચે વધતા સંઘર્ષને ઉજાગર કર્યો છે. બંધારણ મુજબ, રાજ્યપાલે મંત્રી પરિષદ દ્વારા મંજૂર કરાયેલ ભાષણ વાંચવું જરૂરી છે, પોતાનો વ્યક્તિગત અભિપ્રાય વ્યક્ત કરવો નહીં. આ પરિસ્થિતિ સંઘીય વ્યવસ્થામાં સંતુલનની જરૂરિયાત પર ભાર મૂકે છે. ભારતીય બંધારણ રાજ્યપાલના પદને ગૌરવ, સંતુલન અને પરંપરાનું પ્રતીક માને છે. તેમની ફરજ બંધારણનું પાલન કરવાની અને મંત્રી પરિષદની સલાહ પર કાર્ય કરવાની છે. જો કે, તમિલનાડુ અને કેરળ વિધાનસભામાં જે બન્યું તે રાજ્ય સરકારો અને રાજભવનો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષોની શ્રેણીમાં નવીનતમ છે.

તથ્યો વિશે પ્રશ્નોઃ કેરળની પિનરાયી સરકારે આરોપ લગાવ્યો છે કે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલું ભાષણ વાંચ્યું ન હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમણે કેન્દ્ર સરકારની નીતિઓને કારણે કેરળને નાણાકીય કટોકટીનો સામનો કરવો પડ્યો તે દર્શાવતા ભાગોને છોડી દીધા હતા. દરમિયાન, તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિએ વાર્ષિક વિધાનસભા સત્ર શરૂ થતાં પહેલાં પરંપરાગત ઉદ્ઘાટન ભાષણ છોડી દીધું હતું, ખોટા તથ્યો અને રાષ્ટ્રગીત પ્રત્યે આદરનો અભાવ હોવાનું જણાવીને.

દખલગીરી યોગ્ય નથીઃ બંધારણ અને પરંપરા બંનેમાં રાજ્યપાલને રાજ્ય મંત્રીમંડળ દ્વારા મંજૂર કરાયેલું ભાષણ આપવું આવશ્યક છે. આ ભાષણ રાજ્યપાલનો વ્યક્તિગત અભિપ્રાય નથી પરંતુ ચૂંટાયેલી સરકારની નીતિઓનો સત્તાવાર દસ્તાવેજ છે. બંધારણ મુજબ, રાજ્યપાલ કેબિનેટની સલાહ પર કાર્ય કરે છે. તેઓ ભાષણ દ્વારા પોતાનો વ્યક્તિગત અભિપ્રાય કે અસંમતિ વ્યક્ત કરી શકતા નથી.

કાર્યાલયનું ગૌરવઃ દેશની સંઘીય વ્યવસ્થામાં, રાજ્યપાલનું પદ બંધારણીય શિષ્ટાચાર દ્વારા બંધાયેલું છે. તેમની પાસેથી બંધારણના રક્ષક તરીકે કાર્ય કરવાની અપેક્ષા રાખવામાં આવે છે અને તેમની કોઈપણ ક્રિયા રાજકીય રહેશે નહીં. આ પહેલી વાર નથી જ્યારે સંબોધન પર વાંધો ઉઠાવવામાં આવ્યો હોય. જોકે, પદની ગરિમા એ નક્કી કરે છે કે રાજ્યપાલે તે સમયે પોતાની ફરજો બજાવવી જોઈએ. ગૃહમાં ઉભા રહીને સંબોધન વાંચવાનો ઈનકાર કરવાથી રાજ્યપાલની ભૂમિકાનું રાજકારણ થાય છે.

સંતુલન જરૂરી છેઃ આ બે ઘટનાઓને અલગથી જોઈ શકાય નહીં. ખરેખર, જે રાજ્યોમાં વિરોધ પક્ષો સત્તામાં છે, ત્યાં રાજ્યપાલ સાથે મુકાબલો સામાન્ય બની ગયો છે. તમિલનાડુના રાજ્યપાલ અગાઉ સંબોધન સંપૂર્ણપણે વાંચ્યા વિના વિધાનસભા છોડી ચૂક્યા છે, જ્યારે કેરળમાં, લાંબા સમયથી પડતર બિલનો મુદ્દો ચાલુ છે. ગયા વર્ષે, સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ નિર્ણયમાં જણાવ્યું હતું કે તે રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ માટે બિલોને મંજૂરી આપવા માટે ન્યાયિક સમય મર્યાદા નક્કી કરી શકતી નથી. તે નિર્ણય સત્તાના સંતુલનને પ્રતિબિંબિત કરે છે. સરકારો અને રાજ્યપાલોએ સમાન સંતુલન દર્શાવવાની જરૂર છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીમાં થાક ખાતી તેજીઃ સોનાનો વાયદો રૂ.૧૨૭૨ અને ચાંદીનો વાયદો રૂ.૧૦૧૯૦ ગબડ્યોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૮૯ ઢીલો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૬૩૮૯.૮૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૫૦૫૩૫.૬૨ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૮૨૦૫૨.૦૧ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૪૧૪૦૦ પોઈન્ટના સ્તરે


મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૩૪૬૯૪૪.૩૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૬૩૮૯.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૫૦૫૩૫.૬૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૪૧૪૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૭૨૨૧.૩૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૮૨૦૫૨.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧૫૫૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૭૮૪ અને નીચામાં રૂ.૧૪૮૭૭૭ના મથાળે અથડાઈ, રૂ.૧૫૨૮૬૨ના આગલા બંધ સામે રૂ.૧૨૭૨ ઘટી રૂ.૧૫૧૫૯૦ થયો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૭૨૦ ઘટી રૂ.૧૨૬૩૦૦ થયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૯૨ ઘટી રૂ.૧૫૬૬૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૪૧ ઘટી રૂ.૧૫૧૭૦૦ થયો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૮૦૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૬૧૪૪ અને નીચામાં રૂ.૧૪૯૯૫૧ના મથાળે અથડાઈ, રૂ.૧૫૪૫૮૮ના આગલા બંધ સામે રૂ.૧૯૮૪ ઘટી રૂ.૧૫૨૬૦૪ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૩૧૯૮૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૨૫૬૦૨ અને નીચામાં રૂ.૩૦૫૪૪૯ના મથાળે અથડાઈ, રૂ.૩૧૮૪૯૨ના આગલા બંધ સામે રૂ.૧૦૧૯૦ ઘટી રૂ.૩૦૮૩૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૦૨૬૪ ઘટી રૂ.૩૧૨૬૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૦૦૮૯ ઘટી રૂ.૩૧૨૮૭૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૬૦૮૦.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.૨૫.૧ ઘટી રૂ.૧૨૫૪.૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત જાન્યુઆરી વાયદો ૫૫ પૈસા ઘટી રૂ.૩૧૧.૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૧.૦૫ ઘટી રૂ.૩૧૪ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો ૬૫ પૈસા ઘટી રૂ.૧૯૦.૩ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૮૨૪૯.૮૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૫૫ અને નીચામાં રૂ.૩૯૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૩૪ ઘટી રૂ.૩૯૯૧ થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ




રૂ.૫૫૯૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૦૦ અને નીચામાં રૂ.૫૪૬૯ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૬૯ના આગલા બંધ સામે રૂ.૮૯ ઘટી રૂ.૫૪૮૦ થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૮૮ ઘટી રૂ.૫૪૮૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬૫.૮ વધી રૂ.૫૦૪.૭ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૬૫.૮ વધી રૂ.૫૦૫ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૫૦.૩ના ભાવે ખૂલી, ૩૦ પૈસા વધી રૂ.૯૫૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન જાન્યુઆરી વાયદો રૂ.૨૫૦ વધી રૂ.૨૬૫૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૬૦ના ભાવે ખૂલી, રૂ.૧૯ ઘટી રૂ.૨૬૨૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૩૭૯૪.૨૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૮૨૫૭.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૫૪૬૧.૧૮ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૮૬.૮૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩૩.૭૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૯૨.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૮.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૦૨.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૬૩૯.૧૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૬.૧૧ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૧૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૦૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૯૧૭૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૯૨૪૪૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૧૩૮૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૨૬૩૮૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૧૧૭૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૩૯૮૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૭૬૬૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૬૪૮૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૫૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૬૮૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૯૪૩ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૪૧૮૯૮ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૧૯૯૮ પોઈન્ટના સ્તર અને નીચામાં ૪૦૯૦૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૭૬૬ પોઈન્ટ ઘટી ૪૧૪૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૯ ઘટી રૂ.૨૦૧.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૫૨૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૭ વધી રૂ.૧૫ના ભાવે બોલાયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૫ ઘટી રૂ.૧૩૬૯ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૩૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૭૮૪.૫ ઘટી રૂ.૭૬૩૦ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૦૭ ઘટી રૂ.૧.૨૬ થયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૮ પૈસા ઘટી રૂ.૦.૩૨ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૧ વધી રૂ.૨૫૭.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૪૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨૫.૪ ઘટી રૂ.૩.૪ના ભાવે બોલાયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૪.૫ વધી રૂ.૧૯૪૬.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૨૯૫ વધી રૂ.૭૭૭૭ના ભાવે બોલાયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૭૮ વધી રૂ.૭.૭૮ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૯ પૈસા ઘટી રૂ.૦.૦૨ થયો હતો.

## અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર ૩ મહિના ચાલશે રિસરફેસિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વડોદરાથી અમદાવાદ વચ્ચે એક્સપ્રેસ વે પર નિયમિત મુસાફરી કરતાં હજારો વાહનચાલકોને આગામી થોડા મહિનાઓ માટે હાલાકીનો સામનો કરવા તૈયાર રહેવું પડશે. નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા વડોદરાથી અમદાવાદ તરફના ૩૯ કિલોમીટર જેટલા હિસ્સામાં એક્સપ્રેસ વે પર મોટા પાયે સમારકામની કામગીરી શરુ કરવામાં આવી છે, જેના કારણે મુસાફરીના સમયમાં નોંધપાત્ર વધારો થશે.

NHAIના અધિકારીઓના જણાવ્યા મુજબ, ચોમાસા દરમિયાન રસ્તા પર ઠેર-ઠેર ખાડા પડવા અને સપાટી ખરબચડી થઈ જવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. તાજેતરમાં કરવામાં આવેલા એક સર્વેમાં પણ રસ્તાની સપાટી નિર્ધારિત માપદંડ કરતાં વધુ ખરાબ હોવાનું સામે આવ્યું હતું, જેના પગલે આ રિ-સરફેસિંગનું કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. આ કામગીરી એપ્રિલ મહિના સુધી ચાલે તેવી પ્રબળ સંભાવના છે.

આ સમારકામને કારણે ટ્રાફિકની ગતિ ધીમી પડશે, જેની સીધી અસર રોજના ૨૫૦૦૦થી વધુ વાહનચાલકો પર થશે. અધિકારીઓના અંદાજ મુજબ, સામાન્ય રીતે વડોદરાથી અમદાવાદ ટોલનાકા સુધી પહોંચવામાં લાગતા સમય કરતાં હવે બમણો એટલે કે લગભગ ૨ કલાક જેટલો સમય લાગી શકે છે. આથી, વાહનચાલકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ પોતાના નિર્ધારિત સમય કરતાં ઓછામાં ઓછો અડધો કલાક વહેલા નીકળે. આ મોટા પાયે હાથ ધરાયેલી કામગીરીમાં પેવર, ડમ્પર, રોલર અને મિલિંગ મશીન જેવા ભારે સાધનોનો ઉપયોગ કરવામાં આવશે, જેમાં ૪૦થી ૫૦ જેટલા શ્રમિકો અને એન્જિનિયરોની ટીમ જોડાશે. ચાલુ ટ્રાફિક વચ્ચે આ કામ કરવું અત્યંત પડકારજનક હોવાથી તેને તબક્કાવાર લેન મુજબ કરવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું કે, ત્રણ લેનમાંથી વચ્ચેની લેન પર કામ કરવું સૌથી મુશ્કેલ હોય છે, કારણ કે તેની બંને બાજુ વાહનોની સતત અવરજવર ચાલુ રહે છે. આથી, વડોદરાથી અમદાવાદ તરફ નિયમિત મુસાફરી કરતાં હજારો વાહનચાલકોને અપીલ કરવામાં આવે છે કે તેઓ એપ્રિલ મહિના સુધી મુસાફરી માટે વધારાનો સમય ફાળવીને ચાલે, જેથી ટ્રાફિકની સમસ્યાથી બચી શકાય.

## સુરત મહાનગરપાલિકાના કમિશનર શાલિની અગ્રવાલની બદલી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ગુજરાત સરકારે આજે ૨૨મી જાન્યુઆરીના રોજ બે સનદી અધિકારીઓની બદલી કરી છે. જેમાં ધ્યાન ખેંચે તેવી એક બદલી સુરતના મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલની છે.

સુરત મહાનગરપાલિકાના કમિશનર શાલિની અગ્રવાલને સુરતથી ગાંધીનગર બોલાવાયા છે. શાલિની અગ્રવાલને, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) ના MD બનાવાયા છે. સુરત મ્યુનિસિપલ કમિશનર તરીકે શાલિની અગ્રવાલની જગ્યાએ, એમ.નાગરાજનને બનાવાયા છે. જ્યારે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (GSRTC)ના મેનેજીંગ ડિરેકટર તરીકેનો હવાલો રાજેન્દ્ર કુમારને સોપવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ, ભૂપેન્દ્રભાઈ પટેલની, ગુજરાત સરકારે સનદી અધિકારીઓની બદલીનો ગંજીપો ચિપ્યો હતો. જેમાં અનેક સનદી અધિકારીઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ બદલી કરવામાં આવી હતી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

## "શહીદ દિન": રાજ્યભરમાં બે મિનિટ મૌન થકી શહીદ વીરોને અપાશે શ્રદ્ધાંજલિ

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે, તેમની સ્મૃતિમાં દરવર્ષે તા. ૩૦ જાન્યુઆરીના રોજ "શહીદ દિને" ઉજવવામાં આવે છે. ચાલુ વર્ષે તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ને શુક્રવારના રોજ "શહીદ દિને" નિમિત્તે સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી દેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદ વીરોને શ્રદ્ધાંજલિ અપાશે. જે અંતર્ગત સમગ્ર રાજ્યમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે.

વધુમાં, શુક્રવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ જે સ્થળે સાયરન કે સેનાની તોપની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦:૫૯ થી ૧૧:૦૦ કલાક સુધી સાયરન વગાડી કે તોપ ફોડી બે મિનિટ માટે મૌન પાળવામાં આવશે. સાયરન બંધ થાય કે તુરંત જ જ્યાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી મૌન પાળશે અને રસ્તાઓ પરના વાહનવ્યવહાર શક્ય હોય ત્યાં જ થોભે તે જોવા નાગરિકોને વિનંતી કરવામાં આવી છે. બે મિનિટ બાદ મૌનનો સમય પૂરો થાય એટલે ૧૧:૦૨ થી ૧૧:૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવાનું રહેશે.

જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઈ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરવામાં આવશે. શહીદવીરો પ્રત્યે ઋણ અદા કરી મૌન પાળવાના આ અવસરને ગૌરવશાળી બનાવવામાં સહયોગ આપવા રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સૌને અનુરોધ કરવામાં આવ્યો છે. દેશના ગૃહ મંત્રાલય દ્વારા શહીદ દિનનું મહત્વ સમજાય અને યોગ્ય રીતે આ દિવસ મનાવાય તે માટે રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, બોર્ડ-કોર્પોરેશન વિગેરેમાં દેશની સ્વતંત્રતા અંગેના વક્તવ્ય, સંવાદ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવાયું છે. આ ઉપરાંત પ્રસારણ ક્ષેત્રના યુનિટો દ્વારા ભારતીય સ્વતંત્ર્યતા સંગ્રામમાં શહીદ વીરોની ભૂમિકા અને રાષ્ટ્રિય એકતા જેવા વિષયો પર સાંસ્કૃતિક કાર્યક્રમ, ફિલ્મ કે વૃત્ત ચિત્રોનું આયોજન કરવાનું રહેશે. રાજ્યના વિવિધ વાણિજય અને ઉદ્યોગ સંઘ પણ સન્માન સાથે શહીદ દિન મનાવે તે માટે રાજ્ય સરકારના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા જણાવાયું છે.

- જીગર બારોટ

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - ગુરૂવાર, ૨૨/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૨૨૦ | ૧,૨૦૫.૦૦ | ૧,૮૫૧.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૨૬૦.૦૦ | ૧,૨૭૦.૦૦ |
| ૩ | ઘઉં | ૨૫૩ | ૫૧૪.૦૦ | ૫૫૮.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૫૦.૦૦ | ૪૬૦.૦૦ |
| ૫ | મકાઇ | ૦ | ૩૫૫.૦૦ | ૩૭૦.૦૦ |
| ૬ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૭ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૮ | કપાસ | ૪૩૩ | ૧,૫૪૫.૦૦ | ૧,૬૦૮.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

## પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક દ્વારા મહુવા—ધોળા રેલખંડ તથા ભાવનગર વર્કશોપનું વાર્ષિક સંરક્ષા નિરીક્ષણ






પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬ (ગુરુવાર)ના રોજ ભાવનગર મંડળના મહુવા—ધોળા રેલખંડ તથા ભાવનગર પરા સ્થિત બ્રોડગેજ વર્કશોપનું વાર્ષિક સંરક્ષા નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે રેલખંડમાં સંરક્ષા અને સલામતી ધોરણો, ઢાંચાગત વિકાસ કાર્યો, મુસાફર સુવિધાઓ, કર્મચારીઓ માટે ઉપલબ્ધ સુવિધાઓ તેમજ અન્ય પ્રગતિશીલ કાર્યોનું વિગતવાર અને સુક્ષ્મ મૂલ્યાંકન કર્યું. મહાપ્રબંધક સાથે વિવિધ વિભાગોના પ્રમુખ વિભાગાધ્યક્ષો, ભાવનગર મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા, અન્ય વરિષ્ઠ અધિકારીઓ તથા કર્મચારીઓ હાજર રહ્યા.

વાર્ષિક સંરક્ષા નિરીક્ષણ દરમિયાન શ્રી ગુપ્તાએ લેવલ ક્રોસિંગ, મહત્વપૂર્ણ મોટા તથા નાના પુલો, અંડરબ્રિજ, સેકશનલ સ્પીડ ટ્રાયલ, પોઈન્ટ અને ક્રોસિંગ સહિત વિવિધ સંરક્ષા તત્ત્વોનું ગહન નિરીક્ષણ કર્યું તેમજ મહુવા, સાવરકુંડલા અને ધોળા સ્ટેશનો પર ઉપલબ્ધ યાત્રી સુવિધાઓનો પણ વિગતવાર જાનકારી લીધો. મહુવામાં તેમણે રેલવે સ્ટેશન ઉપરાંત લોકો પાયલટ, ટ્રેન મેનેજર અને ચલ ટિકિટ નિરીક્ષકના રનિંગ રૂમ, સોલર ઈન્સ્ટોલેશન, રેલવે કોલોની વગેરેનું સંરક્ષા નિરીક્ષણ કર્યું. સાવરકુંડલામાં ઈલેક્ટ્રિફિકેશન સંબંધિત ઓવરહેડ ઈક્વિપમેન્ટ ડેપોનું નિરીક્ષણ કરવામાં આવ્યું. આ સેકશનમાં શ્રી ગુપ્તાએ રેલવે સ્ટેશન ઉપરાંત લોબી, રેલવે કોલોની તથા હેલ્થ યુનિટનું પણ નિરીક્ષણ કર્યું. લીલિયા મોટા—ધોળા ખંડ વચ્ચે ૧૨૦ કિમી પ્રતિ કલાકની ગતિએ સ્પીડ ટ્રાયલ રન કરવામાં આવ્યો. તેમણે ધોળામાં કોલોની અને હેલ્થ યુનિટનું પણ નિરીક્ષણ કર્યું.

ભાવનગર પરા સ્થિત બ્રોડગેજ વર્કશોપમાં તેમણે કોચ સેકશન, વ્હીલ શોપ, એર બ્રેક શોપ, નવા બનેલી હેરિટેજ ગેલેરી વગેરેનું સંરક્ષા નિરીક્ષણ કર્યું. સાથે સાથે અધિકારીઓ સાથે બેઠક પણ યોજી.

આ અવસરે તેમણે જનપ્રતિનિધિઓ અને માન્યતા પ્રાપ્ત ટ્રેડ યુનિયનોના પ્રતિનિધિઓ સાથે પણ મુલાકાત કરી. અમરેલીના માનનીય સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા તથા સાવરકુંડલાના માનનીય વિધાનસભ્ય શ્રી મહેશભાઈ લાલજીભાઈ કસવાલા સહિત અન્ય જનપ્રતિનિધિઓ સાથે સાવરકુંડલા રેલવે સ્ટેશન પર મહાપ્રબંધકની શુભેચ્છા મુલાકાત થઈ. ઉપરાંત મહુવા, સાવરકુંડલા, ધોળા અને ભાવનગર પરામાં ટ્રેડ યુનિયન, ચેમ્બર ઓફ કોમર્સ, સરપંચ વગેરે દ્વારા મહાપ્રબંધકને મળી રજૂઆતપત્રો સોંપવામાં આવ્યા.

મહાપ્રબંધકે મુસાફરોની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા ગણાવતા સંબંધિત અધિકારીઓને ટ્રેક, સમપાર ફાટકો તથા અન્ય સુરક્ષા ધોરણોની વિગતવાર સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું, જેથી ટ્રેન સેવાઓ વધુ સુરક્ષિત, વિશ્વસનીય અને સમયસર સંચાલિત થઈ શકે.

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# સુરેન્દ્રનગરમાં ખેત મજુરો દ્વારા બસસ્ટેન્ડથી કલેક્ટર કચેરી સુધી જંગી રેલી યોજાઈ : પાક નુકશાન વળતર પેકેજ જાહેર કરવાની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સુરેન્દ્રનગર જિલ્લામાં ઓકટોબર મહિનામાં માવઠાનો માર ખેડુતોને સહન કરવો પડયો હતો. જો કે સરકાર દ્વારા આ મુદે ૧૦ હજાર કરોડ રૂપીયાનુ આર્થિક વળતર નુકશાન પેકેજ જાહેર કરવામાં આવ્યુ હતું. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના પણ ૧.૯૦ લાખ થી વધુ ખેડુતોને પાક નુકશાન વળતરની સહાયની ચુકવણી પ્રક્રિયા પુર્ણ કરવામાં આવી છે. બાકી રહી ગયેલા ખેડુતોને પણ ટુંક સમયમાં ચુકવણી પુર્ણ કરવામાં આવશે પરંતુ સુરેન્દ્રનગર જિલ્લામાં જે ખેડુતો છે તે ભાગવી ખેતી આપી અને પોતાના ખેતરમાં



અલગ અલગ પાકોનુ વાવેતર કરાવતા હોય છે. જેમાં મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર સહિતના રાજયોમાંથી લોકો ભાગવી ખેતી રાખી અને ખેડુતોના ખેતરોમાં કામ કરી અને પોતાનુ જીવન ધોરણ ચલાવતા હોય છે.

ભાગવી ખેતીમાં ૭૦ ટકા જેટલો ખેડુતોને ઉત્પાદન નુ વળતર મળે છે અને ૩૦ ટકા જેટલી ભાગવી ખેતી રાખી અને ખેતમજુરો ખેતી કરી અને પોતાના પરીવારજનોનુ જીવન ગુજરાન ચલાવતા હોય છે. સરકાર દ્વારા ખેડુતો માટે તો ૧૦ હજાર કરોડનુ નુકશાન વળતર પેકેજ જાહેર કરવામાં આવ્યુ પરંતુ તેની સામે ખેત મજુરો મુદે કોઈપણ પ્રકારની વિચારણા કરવામાં આવી નથી. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ ૫૦ હજાર થી વધુ ખેત મજુરો પોતાના પરીવાર સાથે અલગ અલગ ખેતરોમાં કામ કરી અને પોતાના પરીવારનુ જીવન ધોરણ ચલાવી રહ્યા છે. ખેડુતોને તો પાક નુકશાન વળતર મળ્યુ પરંતુ ખેત મજુરો મામલે સરકાર દ્વારા કંઈ પણ પ્રકારનુ વિચારવામાં આવ્યુ નથી. ત્યારે ખેત મજુરોએ હવે આંદોલનના મંડાણ માંડયા છે. ત્યારે પ્રથમ તબકકામાં ખેત મજુરો દ્વારા સુરેન્દ્રનગરમાં આજે ગુરૂવારે રેલી યોજવામાં આવી હતી. સુરેન્દ્રનગરના બસસ્ટેન્ડ થી લઈ અને કલેકટર કચેરી સુધી પદયાત્રા યોજી અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરવામાં આવી હતી.

જેમાં કોંગ્રેસના નેતાઓ પણ આ રેલીમાં જોડાયા હતા અને જિલ્લા કલેકટરને રજુઆત કરી અને ખેડુતોને જે વળતર ચુકવવામાં આવ્યુ છે તે યોગ્ય છે. પરંતુ તેની સામે હવે ખેત મજુરો માટે પણ રાહત પેકેજ જાહેર કરી અને ૧૦ થી ૧૫ હજાર રૂપીયા તેમના ખાતામાં પણ સહાયરૂપી રકમની ચુકવણી કરવા માંગ કરવામાં આવી છે. આગામી દિવસોમાં સરકાર માંગ નહી સ્વીકારે તો ગાંધીનગર સુધી આંદોલન માંડવાની તૈયારી બતાડવામાં આવી હતી. સમગ્ર ઘટનાને લઈ કલેકટર ઓફીસ માં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં આમ આદમી પાર્ટીની સ્થિતિને લઈ ગોપાલ ઈટાલીયાએ કહ્યુ સંઘર્ષ અને મહેનતથી જનતા સુધી પહોચ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આમ આદમી પાર્ટીના સતત વધતા જનસમર્થન અને સંગઠનના વિસ્તરણને લઈ વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતા. વિડીયોના માધ્યમથી તેમણે જણાવ્યુ હતુ કે આમ આદમી પાર્ટી છેલ્લા લાંબા સમયથી ગુજરાતમાં જનતાના મુળભુત મુદ્દાઓ માટે સંઘર્ષ કરી રહી છે. છેવાડાના અને વંચિત વર્ગ સુધી પાર્ટીના કાર્યકર્તાઓ પહોચતા થયા છે. જેના પરીણામે જનતા તરફથી આમ આદમી પાર્ટીને મજબુત સમર્થન મળી રહ્યુ છે.




ખાસ કરીને વિસાવદર વિધાનસભાની ચુંટણી બાદ જનતામાં આમ આદમી પાર્ટી પ્રત્યે નવી આશા અને વિશ્વાસ ઉભો થયો હોવાનુ તેમણે જણાવ્યુ હતું. આ વિશ્વાસના કારણે પાર્ટી ખુબ જ ઝડપથી આગળ વધી રહી છે. તાજેતરમાં એક પ્રતિષ્ઠિત એજન્સી દ્વારા બહાર પાડવામાં આવેલા સર્વેમાં આમ આદમી પાર્ટી ગુજરાતમાં બીજા નંબરની મજબુત રાજકીય પાર્ટી તરીકે ઉભરી આવી છે. આ સર્વેમાં વિસ્તારવાઈઝ આપવામાં આવેલા આંકડાઓ સ્પષ્ટ કરે છે કે રાજયભરમાં આમ આદમી પાર્ટીને વ્યાપક જનસમર્થન મળી રહ્યુ છે અને એક વાસ્તવિક વિકલ્પ તરીકે પાર્ટી ઉભરી રહી છે. ગોપાલ ઈટાલીયાએ વધુમાં જણાવ્યુ કે સર્વેના આંકડા અને જનતાનુ મળતુ સમર્થન એક બીજાને પુરક છે. વરસોથી ગુજરાતમાં વિકલ્પના અભાવે જનતાને મજબુરીવશ મત આપવો પડતો હતો. પરંતુ હવે આમ આદમી પાર્ટી એક વિશ્વસનીય વિકલ્પ બની છે. અને દિવસે ને દિવસે જનસમર્થન વધતુ જઈ રહ્યુ છે. આવનારા દિવસોમાં ખાસ કરીને ગુજરાત વિધાનસભાની ચુંટણી ૨૦૨૭ માં રાજયમાં મોટુ પરીવર્તન લાવશે. વ્યવસ્થા પરીવર્તન થશે અને આમ આદમી પાર્ટી સરકાર બનાવશે.

# પલાસવાડા નજીક આવેલ લેવલ ક્રોસિંગ પર ટ્રાફિક જામથી મળશે રાહત રેલવે દ્વારા સુધારણા કાર્ય પ્રગતિ પર

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર પ્રતિપનગર–એકતાનગર ખંડમાં સંરક્ષા વધારવા તથા ટ્રેનોની ગતિમાં વધારો કરવાના ઉદેશ્યથી અનેક મહત્વપૂર્ણ કાર્યો પ્રગતિ પર છે. આ જ ક્રમમાં ડભોઈના પલાસવાડા નજીક આવેલ લેવલ ક્રોસિંગ એટલે કે સમપાર ફાટક નંબર ૨૦ પર રોડ ઓવર બ્રિજ **(ROB)**નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. નિર્માણ કાર્ય દરમિયાન માર્ગ વાહનવ્યવહાર સુચારુ રીતે ચાલુ રહે તે માટે રેલવે દ્વારા એક ડાયવર્ઝન રોડ વિકસાવવામાં આવ્યો છે. જનપ્રતિનિધિઓ તથા સામાજિક સંસ્થાઓ દ્વારા આ લેવલ ક્રોસિંગ પર થતા ટ્રાફિક જામની સમસ્યાથી મુક્તિ



માટે ડાયવર્ઝન રોડને વધુ પહોળો કરવાની માંગને ધ્યાનમાં લઈને વડોદરા મંડળ દ્વારા ઝડપી ગતિએ કામ શરૂ કરવામાં આવ્યું છે.

**LC–20** (પલાસવાડા) લેવલ ક્રોસિંગ પર વડોદરા તરફ જતાં માર્ગના એક્ઝિટ પર સ્થિત સ્પીડ બ્રેકર દૂર કરવામાં આવ્યો છે, જેના કારણે વાહનોના અટકવાનો સમય ઓછો થયો છે. આ જ રીતે, ડભોઈ તરફથી આવતી જૂની સડક પર પણ સ્પીડ બ્રેકર દૂર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, સડકની ખરાબ તથા ઊબડખાબડ સપાટીને સુધારીને પુનઃ ડામરીકરણ કરવામાં આવ્યું છે.

પલાસવાડા લેવલ ક્રોસિંગ પર અગાઉ લિફ્ટિંગ બેરિયર (બૂમ)ની લંબાઈ માત્ર ૬.૫૦ મીટર હતી, જેને હવે વડોદરા મંડળના એન્જિનિયરિંગ વિભાગ તથા ગુજરાત રાજ્ય સરકારના માર્ગ અને મકાન **(R&B)** વિભાગ દ્વારા સંયુક્ત સ્થળ નિરીક્ષણ બાદ વધારીને ૮.૨૦ મીટર કરવામાં આવી છે. પરિણામે હવે ડભોઈ તથા વડોદરા બંને દિશાઓથી આવતાં વાહનો માટે અલગ-અલગ આશરે ૮.૦૦ મીટર પહોળો માર્ગ ઉપલબ્ધ થશે, જેના કારણે વાહન વ્યવહારના પ્રવાહમાં નોંધપાત્ર સુધારો થશે.

ગુજરાત રાજ્ય સરકારના **(R&B)** વિભાગ દ્વારા એપ્રોચ રોડને વધુ પહોળો કરવાનું કાર્ય પણ પ્રગતિ પર છે. પહોળાઈનું કાર્ય પૂર્ણ થયા બાદ રેલવે દ્વારા સડકના કિનારે ૧૦૦ મીટર તથા ૨૦૦ મીટરના અંતરે લેવલ ક્રોસિંગ સૂચક બોર્ડ સ્થાપિત કરવામાં આવશે, જેનું નિર્માણ કાર્ય અગાઉથી જ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. ઉપરાંત, દશ્યતા વધારવાના હેતુથી હાઈટ ગેજ પર પણ પેઈન્ટિંગ કરવામાં આવ્યું છે. વડોદરા મંડળ દ્વારા લેવાયેલા આ સમન્વિત તથા સુધારાત્મક પગલાંઓના પરિણામે આવનારા દિવસોમાં પલાસવાડા લેવલ ક્રોસિંગ પર થતી ટ્રાફિક જામની સમસ્યાથી સામાન્ય નાગરિકોને મોટી રાહત મળશે.

# અમદાવાદ–મુંબઈ સેન્ટ્રલ કર્ણાવતી એક્સપ્રેસના ટર્મિનલ સ્ટેશનમાં અસ્થાયી પરિવર્તન

પશ્ચિમ રેલવે દ્વારા પરિચાલન કારણોસર ટ્રેન સંખ્યા ૧૨૯૩૩ મુંબઈ સેન્ટ્રલ–વટવા તથા ટ્રેન સંખ્યા ૧૨૯૩૪ અમદાવાદ–મુંબઈ સેન્ટ્રલ કર્ણાવતી એક્સપ્રેસના ટર્મિનલ સ્ટેશનમાં અસ્થાયી રૂપે પરિવર્તન કરવામાં આવી રહ્યું છે.

તારીખ ૨૬.૦૧.૨૦૨૬ થી ૦૭.૦૩.૨૦૨૬ સુધી આ ટ્રેનનું આગમન/પ્રસ્થાન મુંબઈ સેન્ટ્રલ ના સ્થાને બાંદ્રા ટર્મિનસપર થી કરવામાં આવશે. જેની વિગતો નીચે મુજબ છેઃ

- ટ્રેન સંખ્યા ૧૨૯૩૩ બાંદ્રા ટર્મિનસ–વટવા કર્ણાવતી એક્સપ્રેસ તારીખ ૨૬.૦૧.૨૦૨૬ થી ૦૭.૦૩.૨૦૨૬ સુધી મુંબઈ સેન્ટ્રલના સ્થાને બાંદ્રા ટર્મિનસ પરથી ૧૩:૫૫ કલાકે પ્રસ્થાન કરશે.
- ટ્રેન નંબર ૧૨૯૩૪ અમદાવાદ–બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સપ્રેસ તારીખ ૨૬.૦૧.૨૦૨૬ થી ૦૭.૦૩.૨૦૨૬ સુધી મુંબઈ સેન્ટ્રલના સ્થાને બાંદ્રા ટર્મિનસ પર બપોરે ૧૨:૩૦ કલાકે સમાપ્ત થશે.

અન્ય તમામ સ્ટેશનો પર આગમન–પ્રસ્થાનનો સમય યથાવત રહેશે. ટ્રેનોના સટોપેજ, સમય તેમજ સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને **www. enquiry. indianrail. gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

# રણોત્સવમાં સખી ક્રાફ્ટ બજારઃ એક મહિનામાં ૫ કરોડથી વધુનું વેચાણ

## અત્યાર સુધી ૪.૫ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી, ૩૩૦ સ્વ સહાય જૂથની મહિલાઓ માટે ૧૦૦ સ્ટોલની વ્યવસ્થા






રાજ્યની મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવાના ઉદ્દેશથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિવિધ પહેલો હાથ ધરવામાં આવી રહી છે. આ પ્રયાસોના ભાગરૂપે આ વર્ષે કચ્છના રણોત્સવમાં ૪ ડિસેમ્બર ૨૦૨૫ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ સુધી સખી ક્રાફ્ટ બજારનું આયોજન કરવામાં આવ્યું છે. આ બજારમાં સ્વસહાય જુથો સાથે સંકળાયેલી બહેનો દ્વારા નિર્મિત ઉત્પાદનોના વેચાણ માટે વિશાળ ડોમમાં ૧૦૦ સ્ટોલ્સની વ્યવસ્થા કરવામાં આવી છે. રણોત્સવ આવતા પ્રવાસીઓમાં સખી ક્રાફ્ટ બજાર આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને અત્યાર સુધી ૫ કરોડથી વધુનું વેચાણ થયું છે.

આ ક્રાફ્ટ બજારમાં ૩૩૦ સ્વસહાય જૂથની મહિલાઓને અલગ અલગ તબક્કામા સ્ટોલ આપવામાં આવી રહ્યા છે, જેમાં ગુજરાત સહિત ભારતભરમાંથી અન્ય રાજ્યની મહિલાઓ પણ જોડાઈ છે.આ ક્રાફ્ટ બજારની મુલાકાત પ્રવાસીઓ માટે યાદગાર સંભારણું બન્યું છે. ક્રાફ્ટ બજારની સાથે લાઈવ સંગીત કાર્યક્રમો અને કાફેટેરિયા પણ બનાવવામાં આવ્યો છે. હસ્તકળા અને હાથવણાટથી લઈને માટીની વાસણો, જ્વેલરી અને હોમ ડેકોર સહિત પેકેજ્ડ ફુડનું અહીં વેચાણ થઈ રહ્યું છે. આ ક્રાફ્ટ બજારમાં પરંપરાગત હસ્તકલા અને આધુનિક ડિઝાઈનનું અનોખુ સંયોજન જોવા મળી રહ્યું છે. અત્યાર સુધી ૪.૫ લાખથી વધુ લોકોએ સખી ક્રાફ્ટ બજારની મુલાકાત લીધી છે. ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગ હેઠળ, ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ દ્વારા સખી મંડળની બહેનો માટે દર વર્ષે માર્કેટિંગના ભાગ રૂપે રાષ્ટ્રીય કક્ષાના ૨ સરસ મેળા અને પ્રાદેશિક કક્ષાના ૧૦-૧૨ સરસ મેળાઓ કરવામાં આવે છે. આ વર્ષે એમાં વધારો કરીને શોપિંગ ફેસ્ટિવલ, મોટા મોલમાં સખી માર્કેટ, ફ્લી માર્કેટ, સ્વદેશી મેળાઓ તેમજ પ્રવાસનના કાર્યક્રમોમાં પણ સખી મંડળો માટે વસ્તુઓના વેચાણ અને બ્રાન્ડિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

# રાજ્યકક્ષાની પ્રજાસત્તાક પર્વ ઉજવણી વાવ- થરાદ માટે ગૌરવની ક્ષણઃ જિલ્લા કલેક્ટરશ્રી જે.એસ. પ્રજાપતિ

## પ્રેસ કોન્ફરન્સમાં કલેક્ટરશ્રી જે.એસ. પ્રજાપતિએ પ્રજાસત્તાક પર્વ ઉજવણીની સંપૂર્ણ રૂપરેખા રજૂ કરી

તા.૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી નવીન વાવ–થરાદ જિલ્લામાં યોજાનાર છે. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરીમામય ઉપસ્થિતિમાં યોજાનાર આ મહત્વપૂર્ણ ઉજવણીને સફળ બનાવવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વ્યાપક આયોજન અને વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે.

આ અંગે મીડિયાના મિત્રોને આયોજન અને કાર્યક્રમોની સંપૂર્ણ માહિતી આપવા માટે આજે જિલ્લા કલેકટર શ્રી જે.એસ. પ્રજાપતિના અધ્યસ્થાને કલેકટર કચેરી, થરાદ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.

પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા કલેક્ટર શ્રી જે.એસ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, "આપણો જિલ્લો ભાગ્યશાળી છે કે તેને રાજ્યકક્ષાની પ્રજાસત્તાક પર્વ ઉજવણીનું આયોજન મળ્યું છે. નવીન જિલ્લા માટે આ એક ઉત્તમ તક છે અને આ ઉજવણી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે."

તેમણે જણાવ્યું કે, તા. ૨૬ જાન્યુઆરીના રોજ સવારે ૯.૦૦ વાગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ પોલીસ વિભાગ અને વહીવટીતંત્ર દ્વારા વિવિધ પરેડ અને કાર્યક્રમો યોજાશે.

જિલ્લા કલેક્ટરશ્રીએ માહિતી આપતા જણાવ્યું કે, તા. ૨૫ જાન્યુઆરીના રોજ સવારે ૧૦.૦૦ વાગે મુખ્યમંત્રીશ્રીનું આગમન થશે. આ દિવસે સેવા સદનનું ભૂમિપૂજન, ગૌમાતા સર્કલનું અનાવરણ, દૂધવા જીઆઈડીસીનું ભૂમિપૂજન, નારી સશક્તિકરણ કાર્યક્રમ, ગૌભક્તો સાથે મુખ્યમંત્રીશ્રીનો સંવાદ તેમજ ગાયત્રી મંદિરમાં શસ્ત્ર પ્રદર્શન જેવા મહત્વપૂર્ણ કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત, તા. ૨૫ જાન્યુઆરીએ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં થરાદના મલુપુર ખાતે "એટ હોમ" કાર્યક્રમ સાથે સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ગ્રામ્ય કક્ષાએ પણ લોકો વિશાળ પ્રમાણમાં સહભાગી બને તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. દરેક ગામમાં શાળા અને ગ્રામ પંચાયત કક્ષાએ ઉજવણી થાય તે માટે વહીવટીતંત્ર તથા પદાધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. ઉજવણી દરમિયાન સ્વચ્છતા અને રોશની માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

ઉજવણીના ભાગરૂપે તા. ૨૨ જાન્યુઆરીએ ચેતક કમાન્ડોની મોકડ્રીલ યોજાઈ હતી. જ્યારે તા. ૨૩ અને ૨૪ જાન્યુઆરીના રોજ સવારે ૫.૦૦ વાગે પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર જિલ્લામાં દેશભક્તિનો માહોલ સર્જાય અને વધુમાં વધુ નાગરિકો આ રાષ્ટ્રીય પર્વમાં સહભાગી બને તેવી જિલ્લા કલેક્ટરશ્રીએ અપીલ કરી હતી.

પ્રેસ કોન્ફરન્સમાં નિવાસી અધિક જિલ્લા કલેકટર શ્રી તુષાર જાની, નાયબ માહિતી નિયામક શ્રી કુલદીપ પરમાર, સહાયક માહિતી નિયામક શ્રી નરેન્દ્ર પંડ્યા (અમદાવાદ) સહિત જિલ્લાના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જો ભણેલી વ્યક્તિ બીજાના દુઃખને ન સમજી શકે, તો આવું શિક્ષણ પથ્થર સમાન છેઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત

## રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તથા નેશનલ સ્ટોક એક્સચેન્જના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઈઓ આશિષ ચૌહાણની ઉપસ્થિતિમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો ૧૫મો દીક્ષાંત સમારોહ યોજાયો

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી **(GTU)** ના ૧૫મા પદવીદાન સમારંભમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતાપિતાને પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. આધુનિક ટેકનિકલ વિકાસ પર ચર્ચા કરતાં તેમણે જણાવ્યું કે જો ભણેલી વ્યક્તિ બીજાના દુઃખને ન સમજી શકે, તો આવું શિક્ષણ પથ્થર સમાન છે. તેમણે વિદ્યાર્થીઓને ટેકનિકલ પ્રગતિ સાથે નૈતિકતા, ઈમાનદારી અને કરુણા જેવાં જીવનમૂલ્યો અપનાવવા પર ભાર મૂક્યો હતો.

અમદાવાદના સાયન્સ સિટી ખાતે આયોજિત દીક્ષાંત સમારોહમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલાધિપતિ અને રાજ્યપાલશ્રીએ છેલ્લાં એક દસકાની દેશની વિકાસયાત્રા વિશે વાત કરતાં કહ્યું કે આજથી ૧૧ વર્ષ પહેલાં આપણો દેશ આર્થિક દૃષ્ટિએ વિશ્વમાં ૧૧મા ક્રમે હતો, પરંતુ આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને મક્કમ નિર્ધારને કારણે ભારત વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યો



છે અને હવે ઝડપથી ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યો છે.

તેમણે ટેકનોલોજીનો વ્યાપ અને ભારતની પ્રગતિનો હવાલો આપીને કહ્યું કે આજે આપણા રેલવે સ્ટેશનો અને એરપોર્ટ્સ દુનિયાના વિકસિત દેશો કરતાં પણ આધુનિક અને ટેકનોલોજીથી સજ્જ છે. તો બીજી તરફ, દેશના વિકસિત રોડ નેટવર્કના કારણે દિવસોની મુસાફરી હવે કલાકોમાં પૂર્ણ થાય છે.

આચાર્ય દેવવ્રતજીએ દીક્ષાંત સમારોહની થીમ 'સ્વદેશી' અને 'આત્મનિર્ભર'નો ઉલ્લેખ કરીને કહ્યું કે આજે આપણાં આપણાં સંતાનો વિદેશ ભણવા જાય, તો આપણને ગર્વ થાય છે, પણ આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે ભારતની ભૂમિએ જ વિશ્વને સંસ્કાર અને ચરિત્રની શિક્ષા આપી છે. એક સમય હતો, જ્યારે દુનિયાભરના લોકો અહીં ભૌતિક અને આધ્યાત્મિક જ્ઞાન મેળવવા આવતા હતા. તેમણે આદર્શ શિક્ષણની વ્યાખ્યા કરતાં કહ્યું કે માત્ર ભૌતિક સુખ-સુવિધાઓ, સારું મકાન કે ગાડી મેળવવી એ જ સાચું શિક્ષણ નથી. શિક્ષણ તો મનને સંતોષ અને શાંતિ પણ આપે છે. દેશની નવી શિક્ષણ નીતિ **(NEP 2020)** પણ આ જ વિચારને આગળ ધપાવે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીના 'વિકાસ ભી, વિરાસત ભી' મંત્રનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે દુનિયા પાસે ભૌતિક સાધનો હોવા છતાં આજે માનસિક શાંતિનો અભાવ છે. જો ભણેલો-ગણેલો વ્યક્તિ બીજાના દુઃખને પોતાનું ન સમજી શકે, તો તે શિક્ષણ પથ્થર સમાન છે. સાચો શિક્ષિત એ જ છે જે સંવેદનશીલ હોય અને નૈતિક મૂલ્યો ધરાવતો હોય.

રાજ્યપાલશ્રીએ કહ્યું કે 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવના આપણા લોહીમાં છે. આપણે 'મારું અને તારું' નહીં, પણ 'સર્વે ભવન્તુ સુખિનઃ'ના મંત્રને અનુસરીએ છીએ. ઈતિહાસ સાક્ષી છે કે આપણે ક્યારેય બીજાના ભૂખંડ જીતવા માટે સેનાઓ નથી મોકલી, પરંતુ જ્ઞાનના માધ્યમથી લોકોના હૃદય જીતવા માટે ગુરુઓને મોકલ્યા છે. ત્યારે આપણે ગુલામીની માનસિકતા ત્યજીને આપણી સંસ્કૃતિ, ભાષા અને વેશભૂષા પર ગર્વ કરવા પર તેમણે ભાર મૂક્યો હતો.

તેમણે દેશની અખૂટ યુવાશક્તિ અને જ્ઞાનશક્તિ વિશે જણાવ્યું કે આજે અમેરિકા જેવા દેશોમાં પણ ભારતીય પ્રતિભા જ કામ કરી રહી છે. ત્યારે ભારતીય યુવાનોમાં દેશના સ્વાભિમાનને જાગૃત કરી, પોતાની શક્તિઓનો દેશના ઉત્થાન માટે ઉપયોગ કરવા કહ્યું હતું.

# ૨૬ જાન્યુઆરીને પગલે અમદાવાદ એરપોર્ટ હાઈએલર્ટ પર મુકાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

૨૬ જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિવસને ધ્યાનમાં રાખીને સુરક્ષા એજન્સીઓ ફરી એકવાર સતર્ક બની ગઈ છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જી હા...સુરક્ષાના કારણોસર મુસાફરો માટે નવી એડવાઈઝરી જાહેર કરાઈ છે, જે આગામી ૩૧ જાન્યુઆરી સુધી અમલમાં રહેશે.

અમદાવાદ એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થા એટલી ચુસ્ત કરી દેવામાં આવી છે કે હવે પેસેન્જરોએ ફ્લાઈટમાં બેસતા પહેલા બે વખત સઘન ચેકિંગમાંથી પસાર થવું પડશે. ખાસ કરીને હેન્ડ લગેજનું બે-બે વખત ચેકિંગ કરવામાં આવશે.

ડોમેસ્ટિક એરલાઈન્સ કોઈપણ પ્રકારનું જોખમ લેવા માંગતી ન હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

એરપોર્ટ પર પોલીસ અને **CISF** (સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ) દ્વારા સુરક્ષા વધારી દેવામાં આવી છે. મુસાફરોના સામાનની તપાસ માટે સીઆઈએસએફ દ્વારા ડોગ સ્કવોર્ડની મદદ લેવામાં આવી રહી છે, જેથી કોઈ પણ શંકાસ્પદ વસ્તુ પકડી શકાય.

વધારાના ચેકિંગ અને સુરક્ષા પ્રોટોકોલને કારણે પેસેન્જરોને ફ્લાઈટના નિર્ધારિત સમય કરતાં ઓછામાં ઓછા ૩ કલાક વહેલા એરપોર્ટ પર પહોંચવાની સલાહ આપવામાં આવી છે.

અમદાવાદ એરપોર્ટ પર હાલમાં પ્રતિદિન અંદાજે ૨૬૦ ફ્લાઈટોની અવરજવર રહે છે, જેમાં આશરે ૩૬ હજાર જેટલા મુસાફરો પ્રવાસ કરે છે. પ્રજાસત્તાક દિવસના પર્વ પર કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે એરપોર્ટ પ્રશાસન અને સુરક્ષા એજન્સીઓ દ્વારા શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર ખાસ નજર રાખવામાં આવી રહી છે.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**પાર્સલ લીઝિંગ કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી**

અમદાવાદ મંડળ ઉપરથી ઉપડતી પેસેન્જર વહન કરતી ટ્રેનોમાં પાર્સલ સ્પેસ ભાડે આપવા માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. કેટલોગ IREPS વેબસાઇટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ છે:

| કેટલોગ નંબર | કરારનો પ્રકાર | શ્રેણી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| Lease-ADI-02-26 | પાર્સલ | પાર્સલ-SLR | બધા લોટ માટે ઈ-હરાજી 09.02.2026 ના રોજ 10:00 કલાકે શરૂ થશે. |
| Lease-ADI-03-26 | પાર્સલ | પાર્સલ-SLR | બધા લોટ માટે ઈ-હરાજી 10.02.2026 ના રોજ 10:00 કલાકે શરૂ થશે. |
| Lease-ADI-04-26 | પાર્સલ | પાર્સલ-SLR અને પાર્સલ-પાર્સલ વાન | બધા લોટ માટે ઈ-હરાજી 11.02.2026 ના રોજ 10:00 કલાકે શરૂ થશે. |

**નોંધઃ** સંભવિત બોલી લગાવનારાઓને IREPS **વેબસાઇટ (www.ireps.gov.in)** પર ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. ઉપરોક્ત કેટલોગ નંબર હેઠળ લોટ-વાઇઝ વિગતો ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ પિરિયડ 30 મિનિટ છે. ક્રમિક લોટ ક્લોઝિંગ અંતરાલ 10 મિનિટ છે. લોટ-વાઇઝ ક્લોઝિંગ સમય IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે.

ADI 259

Like us on: facebook.com/WesternRly • Follow us on: twitter.com/WesternRly

# કચ્છના યુવાનનુ પોલીસ ભરતીમાં દોડ પુર્ણ કર્યા બાદ મોતઃ કચ્છના યુવાનનુ ખાખી પહેરવાનુ સપનુ અધરૂ રહ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયમાં ચાલી રહેલી પોલીસ ભરતી પ્રક્રિયા વચ્ચે ભરૂચ થી એક હૃદય દ્રાવક સમાચાર પ્રાપ્ત થયા છે. ભરૂચ પોલીસ હેડ કવાર્ટર ખાતે શારીરિક કસોટી આપવા આવેલા કચ્છના એક આશાસ્પદ યુવાનનુ દોડ પુર્ણ કર્યા બાદ અચાનક તબિયત લથડતા મોત નિપજયુ હતું.



આ ઘટનાને પગલે ભરતી કેન્દ્ર પર શોકનુ મોજુ ફરી વળ્યુ હતું. મળતી માહિતી મુજબ મુળ કચ્છના વતની ૨૫ વર્ષીય રવીરાજ જાડેજા પોલીસદળમાં જોડાવવાના સપના સાથે ભરૂચ પોલીસ હેડ કવાર્ટર ખાતે શારીરિક કસોટી આપવા આવ્યા હતા. રવીરાજે ઉત્સાહપૂર્વક નિર્ધારીત દોડ પુર્ણ કરી હતી, જો કે દોડ પુરી થતાની સાથે જ તેમને ગભરામણ થવા લાગી હતી અને તેઓ અચાનક બેભાન થઈ ઢળી પડયા હતા. મેદાન પર હાજર તબીબ ટીમ અને પોલીસ તંત્ર દ્વારા તાત્કાલીક પ્રાથમિક સારવાર આપી રવીરાજને ભરૂચ સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા, ત્યાં તેમની ગંભીર પરિસ્થિતિને જોતા વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં રીફર કરવામાં આવ્યા હતા. તબીબોના અથાગ પ્રયત્નો હોવા છતાં રવીરાજ ને બચાવી શકયા ન હતા અને સારવાર દરમિયાન તેમણે દમ તોડયો હતો. યુવાનના આકસ્મિક અવસાનથી તેના પરીવાર પર આભ તુટી પડયુ છે. ખાખી વર્દી પહેરી દેશ સેવા કરવાની ઈચ્છા રાખનાર રવીરાજનુ મોત થતા સાથી ઉમેદવારોમાં પણ ભારે ગમગીની છવાઈ ગઈ હતી.

મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સીવીલ હોસ્પીટલ ખસેડાયો હતો. જેથી મોતનુ ચોકકસ કારણ જાણી શકાય, આ મામલે સ્થાનિક પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટનાએ ફરી એકવાર પોલીસ ભરતીમાં જોડાતા ઉમેદવારોની શારીરિક ક્ષમતા અને મેદાન પરની તબીબી સુવિધાઓ અંગે ચર્ચા જગાવી છે. પિતા એએસઆઈ અને પુત્રનુ લક્ષ પીએસઆઈ બનવાનુ હતું. આ ઘટનાની સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે રવીરાજ પોલીસ પરીવારમાંથી જ આવતા હતા, રવીરાજના પિતા મહેન્દ્રસિંહ વડોદરા એસઆરપી ગૃપમાં એએસઆઈ તરીકે ફરજ બજાવી રહ્યા છે. રવીરાજ છેલ્લા ઘણા સમયથી પીએસઆઈ બનવાની તનતોડ મહેનત કરી રહ્યા હતા. ગયા વરસે તેમણે આજ ગ્રાઉન્ડ પર પરીક્ષા આપી હતી. પરંતુ સફળ થયા ન હતા, હિંમત હાર્યા વગર આ વરસે ફરીથી તૈયારી સાથે તેઓ મેદાનમાં ઉતર્યા હતા પરંતુ વિધિની વક્રતાએ તેમને ખાખી પહેરતા અટકાવી દીધા,

# ગુજરાતમાં મોટા ભાગના ફોર્મ-૭ પર વિવાદઃ કોંગ્રેસે ચુંટણી અધિકારીને આવેદનપત્ર પાઠવ્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાતમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમિયાન મોટા પ્રમાણમાં ફોર્મ-૭ (નામ રદ કરવા માટે) ભરાતા વિવાદ સર્જાયો છે. પાટણ જિલ્લાની કોંગ્રેસ સમિતિએ રાજયના મુખ્ય ચુંટણી અધિકારીને આવેદનપત્ર પાઠવ્યુ છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે સત્તાધારી પક્ષના દબાણ હેઠળ સાચા મતદારોના નામ યાદીમાંથી હટાવવામાં આવે તેવી શંકા છે. ડ્રાફટ ઈલેકટોરલ રોલ ૧૮ ડીસેમ્બર ૨૦૨૩ ને પ્રસિધ્ધ થયા બાદ હક્ક દાવા રજુ કરવાની છેલ્લી તારીખ ૧૨ જાન્યુઆરી ૨૦૨૪ હતી. પરંતુ તારીખ ૧૬, ૧૭ અને ૧૮ જાન્યુઆરીના અંતિમ દિવસોમાં અચાનક મોટી સંખ્યામાં ફોર્મ ૭ રજુ કરવામાં આવ્યા,

નિયમ મુજબ કોઈનુ નામ રદ કરવા માટે મૃત્યુ પ્રમાણપત્ર અથવા રહેઠાણ બદલ્યાનો પુરાવો આપવો ફરજીયાત છે. પરંતુ આ અરજીઓમાં પુરતા દસ્તાવેજો વગર જ ફોર્મ સ્વીકારી લેવામાં આવ્યા હોવાનો આરોપ છે. કોંગ્રેસે જણાવ્યુ હતુ કે બીએલઓ અને ચુંટણી અધિકારી દ્વારા યોગ્ય તપાસ કર્યા વિના આ પ્રક્રિયા કરવામાં આવી છે. આવેદનપત્ર માં માંગ કરવામાં આવી કે તારીખ ૧૬ થી ૧૮ જાન્યુઆરી દરમિયાન ફોર્મ સ્વીકારેલા કચેરીઓના સીસીટીવી ફુટેજ તપાસવામાં આવે, નિયમ વિરૂધ્ધ કોઈ અધિકારીએ કામ કર્યુ હોય તો તેમની સામે ફોજદારી કાર્યવાહી થવી જોઈએ. પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યુ હતુ કે જો તંત્ર સુધરશે નહી તો આ મામલે પોલીસ ને પણ જવાબદાર બનાવી હાઈકોર્ટમાં પીટીશન કરવામાં આવશે. તેમણે વધુમાં કહ્યુ કે ખોટા ડોકયુમેન્ટ બનાવી, ચુંટણી પ્રક્રિયાને મલીન કરવી, એ વિવિધ ભારતીય કાયદાના કલમો હેઠળ ગુન્હો નોંધાશે.

# જો પોલીસ ફરીયાદ નહી લ્યે તો હવે કેરોસીન છાંટી સળગુ તો જ હાઃ મહિલા એ ફીનાઈલ પી પોલીસ સ્ટેશન માથે લીધુ

પ્રતિનિધિ,ગાંધીનગર

શહેરની યુનિર્વસિટી પોલીસ સ્ટેશનમાં મહિલાએ ફીનાઈલ પી પોલીસ સ્ટેશન માથે લીધુ હતું. પોતાને એક શખ્સ છરી લઈને મારી નાખવાની ધમકી આપતો હોવા છતાં પોલીસ ફરીયાદ લેતી ન હોવાનો આક્ષેપ કર્યો હતો. મહિલા સાથેના વ્યકિતએ પોલીસ સ્ટેશનમાં જ ફીનાઈલ પી તો વિડીયો ઉતારતા સોશીયલ મીડીયામાં વાયરલ થયો હતો. મહિલાને સીવીલ હોસ્પીટલમાં



સારવાર માટે ખસેડવામાં આવી છે.

મળતી માહિતી મુજબ શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર રામાપીર ચોકડી પાસે આવેલા પાણીના ટાંકા પાસે રહેતી હિનાબેન ગોવિંદભાઈ સોલંકી ઉ.વ.૩૫ એ રાત્રીના ૯ વાગ્યાના સુમારે મુંજકા પોલીસ ચોકી ખાતે હાથમાં ફીનાઈલની બોટલ લઈને પહોચી હતી. ત્યાં જ ફીનાઈલ ગટગટાવી લીધુ હતું. મહિલા સાથેનો વ્યકિત મોબાઈલમાં શુટીંગ પણ કરતો હતો અને વિડીયોમાં મહિલા પોલીસ ઉપર આક્ષેપ કરતા જણાવી રહી હતી કે કાના નામનો શખ્સ કેટલાક દિવસથી ત્રાસ આપે છે ને છરી લઈને મારવાની ધમકી આપે છે. આ બાબતે પોલીસમાં ફરીયાદ નોંધવાનુ કહેતા પોલીસ ફરીયાદ લેતી નથી, હવે જો પોલીસ ફરીયાદ નહી લ્યે તો કેરોસીન છાંટી અહીં જ સળગી જાવ, તો જ હા, કહેતા પોલીસ સ્ટાફ માં દોડધામ મચી જવા પામી હતી. આ વિડીયો પણ સોશીયલ મીડીયામાં વાયરલ થયો હતો. મહિલાને સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવતા પોલીસે નિવેદન લેવાની તજવીજ હાથ ધરી હતી. મહિલાના લગ્ન થયાને ૧૫ વરસ જેટલો સમય થયો છે ને બે સંતાન છે, પતિ સાથે મતભેદ થતા ૮ વરસથી અલગ રહેતી હોવાનુ જાણવા મળ્યુ છે. વધુ તપાસ યુનિર્વસિટી પોલીસ ચલાવી રહી છે.

# ભાવનગર જિલ્લાના ઘોઘા પોલીસ મથકના પીએસઓ એ ચાલુ ફરજે ઝેરી દવા પી કરી આત્મહત્યાની કોશિશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાવનગર જિલ્લાના ઘોઘા પોલીસ મથકમાં ફરજ બજાવતા એક હેડ કોન્સ્ટેબલે રહસ્યમય સંજોગોમાં આત્મહત્યાનો પ્રયાસ કરતા સમગ્ર પોલીસ વિભાગમાં ચકચાર મચી જવા પામી છે. ચાલુ ફરજ દરમિયાન ઝેરી દવા પી લેનારા પોલીસ કર્મીને ગંભીર હાલતમાં ભાવનગરની સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે.



મળતી માહિતી અનુસાર ઘોઘા પોલીસ સ્ટેશનમાં પીએસઓ તરીકે ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ગોહિલ આજે ગુરૂવારે પોતાની ડયુટી પર હતા. ફરજ દરમિયાન જ તેઓ પોલીસ મથકમાં થી નિકળી નજીકના ભુતેશ્વર ગામ પાસે પહોચ્યા હતા અને ત્યાં અચાનક ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘટનાની જાણ થતા જ તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલીક ભાવનગર સીવીલ હોસ્પીટલ ખસેડાયા હતા. જયાં હાલ તેમની તબિયત નાજુક હોવાનુ જાણવા મળ્યુ છે. દિગ્વિજયસિંહ ગોહિલે આટલુ આકરૂ પગલુ કેમ ભર્યુ તેનુ ચોકકસ કારણ હજુ સુધી સત્તાવાર રીતે બહાર આવ્યુ નથી. જો કે પોલીસ સુત્રો અને ચર્ચાઓ મુજબ તેઓ છેલ્લા કેટલાક સમયથી ઉચ્ચ અધિકારીઓના માનસિક ત્રાસ અને કામના દબાણ હેઠળ હોવાનુ મનાઈ રહ્યુ છે. આજ દબાણને કારણે તેમણે જીંદગી ટુંકાવવાનો પ્રયાસ કર્યો હોવાની આશંકા સેવાઈ રહી છે. તો બીજી તરફ આ સંવેદનશીલ મામલે હોસ્પીટલ પહોચેલા પરીવારજનોએ હાલ મીડીયા સમક્ષ કોઈપણ પ્રતિક્રિયા આપવાનુ ટાળ્યુ હતું. ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટનાસ્થળે અને હોસ્પીટલ પહોચી મામલાની ગંભીરતાથી તપાસ કરી રહ્યા છે. શું ખરેખર વિભાગીય દબાણ જવાબદાર છે કે અન્ય કોઈ અંગત કારણ, તે પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

# ગાંધીનગર રેન્જ આઈજી એ હિંમતનગરના સાયબર ક્રાઈમના અધિકારીને બોલાવ્યાઃ ગોવા તપાસથી લઈને ક્રિકેટ સટ્ટા સંલગ્ન વિગતો મામલે કરી પુછપરછ

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યથમક હિંમતનગરમાં સાયબર ક્રાઈમ શાખાની એક વિવાદાસ્પદ તપાસનો મામલો હાલ ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. આ સમગ્ર મામલે ગાંધીનગર રેન્જના આઈજી વિરેન્દ્ર યાદવે ગંભીર નોંધ લઈ હિંમતનગર સાયબર ક્રાઈમના જવાબદાર અધિકારીને ગાંધીનગર રેન્જ કચેરીએ બોલાવ્યા હતા અને સ્પષ્ટતા માંગી હતી. સટ્ટા સંલગ્ન મામલાને દબાવવાના પ્રયાસો થયા હોવાનુ ચર્ચાયુ હતું.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર રેન્જ કચેરી દ્વારા કરવામાં આવેલી તપાસ દરમિયાન ગોવામાં ચાલતી તપાસથી લઈને ક્રિકેટ સટ્ટા સાથે સંકળાયેલી અનેક મહત્વપૂર્ણ વિગતો બહાર આવી છે. તપાસમાં ખુલ્યુ છે કે સરકારી આવાસ યોજનાના લાભાર્થીઓને ક્રિકેટ સટ્ટાના બુકીઓ દ્વારા લલચાવી તેમની જાળમાં ફસાવવામાં આવ્યા હતા. આ લાભાર્થી વસાહતીઓના બેંક ખાતા ભાડે લઈ તેનો ઉપયોગ ક્રિકેટ સટ્ટા સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ



માટે કરવામાં આવતો હતો. આ સમગ્ર ક્રિકેટ સટ્ટા સંલગ્ન મામલાને દબાવવાના પ્રયાસોને લઈને પણ મોટો વિવાદ ઉભો થયો છે. ચર્ચા છે કે સાયબર ક્રાઈમ દ્વારા આરોપીઓની ધરપકડ થી લઈ ફરીયાદ નોંધાવવાની પ્રક્રિયા સુધીની મહત્વની વિગતો દબાવી રાખવામાં આવી હતી. જેના કારણે સમગ્ર તપાસની પારદર્શકતા પર સવાલો ઉઠી રહ્યા છે. રેન્જ કચેરી દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરી રેન્જ આઈજી વિરેન્દ્ર યાદવ દ્વારા કરાયેલ કડક કાર્યવાહી બાદ આ કેસમાં ઝડપાયેલા આરોપીઓની તસવીરો પણ બહાર આવી છે. જેનાથી અગાઉ દબાવવામાં આવેલા મુદ્દાઓ ફરી ચર્ચામાં આવ્યા છે. આ ઘટનાએ સાયબર ક્રાઈમ શાખાની કામગીરી અને જવાબદારી પર સવાલો ઉભા કર્યા છે. હાલ ગાંધીનગર રેન્જ કચેરી દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને જવાબદાર અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવાની તૈયારી દર્શાવવામાં આવી છે. આ કેસ હવે રાજયસ્તરે ચર્ચાનો વિષય બન્યો છે અને આવનારા દિવસોમાં વધુ ખુલાસા બહાર આવવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

# ગાંધીનગર ના સેકટર-૭ માં કોલેજના કલાસ રૂમમાં વિદ્યાર્થીનીએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર ના સેકટર-૭ માં આવેલી જે એમ ચૌધરી કોલેજમાં ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી અને એફવાય બીએ માં અભ્યાસ કરતી ૧૯ વર્ષીય વિદ્યાર્થીની શિવાની આહીરે પોતાના કલાસરૂમમાં દુપટ્ટાવડે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ હતું. આ સમગ્ર ઘટનાનો ૪ મીનીટ ૩૮ સેંકન્ડનો સીસીટીવી ફુટેજ બહાર આવ્યો હતો. જેમાં યુવતિ રૂમમાં પ્રવેશ કરે છે અને આપઘાત સુધીની સમગ્ર પ્રક્રિયા સ્પષ્ટ રીતે સીસીટીવીમાં જોવા મળી હતી.



મળતી માહિતી મુજબ પાટણ જિલ્લાના રાધનપુરની વતની શિવાની ભોજાભાઈ આહીર ૨૧ જાન્યુઆરીની સાંજે અચાનક કોલેજ કેમ્પસમાં આવેલી ગર્લ્સ હોસ્ટેલમાંથી ગુમ થઈ ગઈ હતી. હોસ્ટેલમાં તેની હાજરી ન મળતા કોલેજ પ્રશાસન અને સુરક્ષા કર્મચારીઓ દ્વારા સમગ્ર કેમ્પસમાં શોધખોળ શરૂ કરવામાં આવી હતી. યુવતિ લાપતા હોવાનુ જાણવા મળતા જ કોલેજ અને હોસ્ટેલ સત્તાધીશોએ તાત્કાલીક તેના પરીવારને જાણ કરી હતી. દિકરી ગુમ થયાના સમાચાર મળતા પરીવાર ગાંધીનગર દોડી આવ્યો હતો. સેકટર-૭ પોલીસને પણ જાણ કરવામાં આવી હતી અને પોલીસે રાત્રીના સમયે શોધખોળ શરૂ કરી હતી. અંતે કોલેજના જ એક રૂમમાંથી શિવાનીનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવતા સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતા. કોલેજ કેમ્પસમાં જ બનેલી આ ઘટના બાદ વિદ્યાર્થીઓમાં ભય અને ગમગીનીનુ વાતાવરણ છવાઈ ગયુ હતું.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી. આહીર પરીવાર જે મુળ રાધનપુરના સાનિયાતર ગામનો રહેવાસી છે. તેના પર દિકરીના અકાળ અવસાનથી દુઃખનો પહાડ તુટી પડયો છે. ઉજજવળ ભવિષ્યની આશા સાથે દિકરીને ગાંધીનગર ભણવા મોકલી હતી. પરંતુ આ કરૂણ ઘટનાએ સમગ્ર પરીવારને આઘાતમાં મુકી દીધો છે. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર શિવાનીની આજથી પરીક્ષા શરૂ થવાની હતી. જેના કારણે તે માનસિક તણાવમાં હોવાની સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે. ગઈ કાલે બુધવારે તે અચાનક ગુમ થઈ ગઈ હતી અને બાદમાં પોતાના જ કલાસરૂમમાં દુપટ્ટાવડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. વિદ્યાર્થીનીના આપઘાત પાછળનુ સાચુ કારણ જાણવા પોલીસ દ્વારા તમામ પાસાઓ પરથી તપાસ કરવામાં આવી રહી છે. સાથે સાથે આપઘાતના સીસીટીવી ફુટેજ પણ તપાસનો ભાગ બનાવવામાં આવ્યા છે.

# શકિતસિંહ ગોહિલના ભત્રીજા યશરાજસિંહ ગોહિલ અને તેમના પત્નીના મૃતદેહ ને વતન લઈ જવાયાઃ પોસ્ટમોર્ટમ પુર્ણ થયા બાદ પરીવારને સોંપાયા મૃતદેહ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજયસભાના સાંસદ અને કોંગ્રેસના નેતા શકિતસિંહ ગોહિલના ભત્રીજાને લઈને ખુબ જ ગંભીર સમાચાર આવ્યા છે. શકિતસિંહ ગોહિલના સગા ભત્રીજા અને કલાસ-૧ અધિકારી યશરાજસિંહ ગોહિલે પત્નીને ગોળી મારી અને બાદમાં પોતાને ગોળી મારી આપઘાત કર્યો છે. હજુ બે મહિના પહેલા જ દંપત્તિ લગ્નગ્રંથીથી જોડાયા હતા. અમદાવાદના જજીસ બંગલો રોડ પર આવેલા એનઆરઆઈ ટાવરમાં આ યશરાજસિંહ ગોહિલ અને તેમના પત્ની રહેતા હતા.



યશરાજસિંહે પહેલા પત્ની પર ફાયરીંગ કર્યુ હતું અને ત્યારબાદ ૧૦૮ ને જાણ કરી પોતે પણ પોતાના માથે ગોળી ધરબી દીધી હતી. આ સમગ્ર મામલે પોલીસને જાણ કરવામાં આવી હતી. વસ્ત્રાપુર પોલીસે ઘટનાસ્થળે પહોચી સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. ફલેટના રહીશો સિવાય કોઈપણ વ્યકિતને અંદર પ્રવેશ આપવામાં આવી રહ્યો નથી. થોડીવારમાં કોંગ્રેસના નેતા શકિતસિંહ ગોહિલ હોસ્પીટલે પહોચ્યા હતા. મૃતક ગુજરાત મેરીટાઈમ બોર્ડમાં અધિકારી તરીકે ફરજ બજાવતા હતા અને સાથે જ તેમને વર્ગ-૨ માં થી વર્ગ-૧ માં પ્રમોશન મળ્યુ હતું. હવે આ બંને પતિ પત્નીના મૃતદેહનુ પોસ્ટમોર્ટમ પુરૂ કરી બંનેના મૃતદેહોને ભાવનગરના લીંમડા ગામે લઈ જવામાં આવ્યા હતા. જયાં દંપત્તિના મૃતદેહની અંતિમવિધિ કરવામાં આવી હતી.

આ મામલે કોંગ્રેસ નેતા મનિષ દોશીએ આ મામલે ખુલાસો કરતા કહ્યુ હતુ કે રીવોલ્વર ફેરવતા આકસ્મિક ગોળી છુટી અને પત્નીને વાંગતા તેમનુ મોત નિપજયુ હતું. હાલ વસ્ત્રાપુર પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે. યશરાજસિંહ ગોહિલ શકિતસિંહ ગોહિલનો ભત્રીજો હતો. તેમને તાજેતરમાં જ મેરીટાઈમ બોર્ડની પરીક્ષા પાસ કરીને ભરતી મળી હતી. તેઓ યુપીએસસીની પરીક્ષાની પણ તૈયારી કરતા હતા. યશરાજસિંહ એકદમ ઉત્સાહી અને આનંદીત સ્વભાવના હતા. તેઓ રીવોલ્વર રાખતા હતા, તેમને વાહન સ્પીડમાં ચલાવવાનો પણ ઘણો શોખ હતો. આ અંગે શકિતસિંહે ઠપકો પણ આપ્યો હતો. વધુમાં તેમણે કહયુ હતુ કે યશરાજસિંહ ગોહિલ અને તેમના પત્ની થોડા દિવસમાં વિદેશ ફરવા જવાના હતા. તે પહેલા ગઈ કાલે બુધવારે સાંજે ફોઈબાને ત્યાં જમવા ગયા હતા. ત્યારબાદ તેઓ ઘરે આવ્યા હતા, ભાઈ ઘરે આવીને રોજની તેમની આદત પ્રમાણે રીવોલ્વરને ફેરવતા હતા. આ દરમિયાન અકસ્માતે ગોળી છુટતા તેમના પત્નીને ગળામાં વાગી હતી. ત્યારબાદ તેમણે ૧૦૮ ને પણ જાણ કરી હતી તેવુ તેમણે જણાવ્યુ હતું. જયારે ૧૦૮ ની ટીમ આવી ત્યારે ટીમે તેમના પત્નીનુ મોત થયુ છે તેવુ જણાવ્યુ હતું. આ સાંભળતા જ તેઓ આઘાતમાં સરી પડયા હતા. જેથી તેમણે પોતે જ રીવોલ્વર થી જ પોતાનુ જીવન ટુંકાવ્યુ હતું. ૧૦૮ ની ટીમે તેમને રોકવાનો પણ પ્રયત્ન કર્યો હતો. પરંતુ તે માન્યા નહી, તેમની સાથે તેમના માતા પણ રહેતા હતા.પરીવાર માટે આ દુઃખદ ઘટના ઘટી છે.

# એસઆઈઆર શંકાના ઘેરામાંઃ ૧૦ લાખ મતદારોના નામ કમી કરાશેઃ વિપક્ષો દ્વારા રાજયમાં ઠેર ઠેર વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં ફાઈનલ મતદાર યાદી જાહેર થાય તે પહેલા રાજય ચુંટણીપંચ શંકાના ઘેરામાં આવ્યુ છે. વિપક્ષોએ હંગામો મચાવી એવો આક્ષેપ કર્યો છે કે ફોર્મ-૭ નો દુરુપયોગ કરી ગુજરાતમાં ૧૦ લાખ મતદારોના નામ મતદાર યાદીમાંથી કમી કરવાનુ સુવ્યવસ્થિત ષડયંત્ર રચાયુ છે. ત્યારે રાજય ચુંટણીપંચ મૌન ધારણ કરીને બેઠુ છે. જો કે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ પુરાવા રજુ કરીને એવી ચીમકી ઉચ્ચારી છે કે જો ચુંટણીપંચ વિગતો જાહેર નહી કરે તો સમગ્ર મુદ્દે રાજયભરમાં કલેકટર કચેરીના ઘેરાવથી માંડીને વિરોધ પ્રદર્શન અને આંદોલન કરાશે. એટલુ જ નહી હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના દ્વાર ખખડાવવાની પણ તૈયારી બતાવી છે.

બંધારણે મત આપવાનો અધિકાર આપ્યો છે. ત્યારે ભાજપે ચુંટણી પંચ સાથે મેળાપીપણુ રચી ગુજરાતમાં લાખો મતદારોનો મતનો હક્ક છીનવવા માટે ષડયંત્ર રચ્યુ છે તેવો આક્ષેપ કરતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે મતદાર યાદીમાંથી નામ કમી કરવાના આશયથી મતદારોની જાણ બહાર ખોટી વિગતો સાથે ફોર્મ-૭ ભરી દેવાયા છે. એક તરફ છેલ્લા ત્રણેક દિવસમાં આખાય રાજયમાં ભાજપના કાર્યકરોએ હજારો નહી પણ લાખો ફોર્મ ૭ ભર્યા છે. જયારે ચુંટણીપંચે કોંગ્રેસના કાર્યકરોને ફોર્મ-૭ આપવા ઈન્કાર કરી દીધો છે. પહેલા વોટ ચોરી કરી અને હવે બારોબાર ફોર્મ-૭ ભરીને મતદારોના નામ કમી કરવા માટે ષડયંત્ર રચાયુ છે. બીએલઓ પર રાજકીય દબાણ કરીને ફોર્મ-૭ ભરી દેવાયા છે. દરેક વિધાનસભા બેઠક પર ૧૦ હજાર થી વધુ મતદારોના નામ રદ કરવાના ઈરાદે ફોર્મ-૭ ભરાયા છે. કોંગ્રેસે માંગ કરી છે કે રાતો રાત હજારો ફોર્મ-૭ ભરાયા છે. તેના સીસીટીવી ફુટેજ જાહેર કરો, વાંધો લેનારાની રાજય ચુંટણીપંચ વિગતો જાહેર કરે,

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે ઘેર ઘેર વેરીફીકેશન થયા પછી પણ અચાનક ૯ લાખ વાંધા અરજીઓ થઈ શકે છે તે શંકા ઉપજાવે છે, માત્ર જામ ખંભાળીયામાં જ ૧૫ હજાર અરજીઓના નામ રદ કરવા માટે કરાઈ છે. તેમણે ઉદાહરણ આપ્યુ હતુ કે દિપાલીબેન નામની એક મહિલાએ અરજી કરી ન હોવા છતાંય ફોર્મ-૭ બારોબાર ભરી દેવાયુ હતું. આવા તો અનેક કિસ્સા છે. એવી માંગ કરાઈ છે કે ખોટી વિગતો સાથે ફોર્મ-૭ ભરનારા વ્યકિત સામે પોલીસ ફરીયાદ દાખલ કરો, ફાઈનલ મતદાર યાદી જાહેર થાય તે પહેલા ચુંટણીપંચ પણ શંકાના ઘેરામાં છે. ત્યારે સમગ્ર મામલો કોર્ટ સુધી પહોચે તેવી શકયતા છે.

